Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
Wholesale Price
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
Economical Rates & Fast Service
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS  Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૩૪ ● સળંગ અંક : ૧૧૨૨ ● પ્રકાશિત તા-૯-૭-૨૦૨૬,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-




THE BEST DEAL FOR A LIFETIME OF HAPPINESS

रथ यात्रा SPECIAL OFFER

BEFORE RATH YATRA
2 BHK Starting from ₹72 Lakhs | 3 BHK ₹1.18 Cr. (All-inclusive)

AFTER RATH YATRA
2 BHK Starting from ₹75 Lakhs | 3 BHK ₹1.25 Cr. (All-inclusive)

Suryansh SKYLINE
2 & 3 BHK PODIUM LIVING AND RETAIL
TELEPHONE EXCHANGE ROAD, NARANPURA
+91 7500990044
+91 9227996753

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હરિયાળી ઝુંબેશ

# ગાંધીનગર લોકસભામાં ૧૨ જુલાઈએ 'સામૂહિક વૃક્ષારોપણ અભિયાન'

અમદાવાદ : ગાંધીનગર લોકસભા – હરિયાળી લોકસભા' સંકલ્પ સાથે આગામી ૧૨ જુલાઈ ૨૦૨૬, રવિવારના રોજ મોટા પાયે સામૂહિક વૃક્ષારોપણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત નાગરિકોને પોતાના પરિવારના સભ્ય દીઠ એક છોડ વાવવા અને તેના ઉછેરની જવાબદારી લેવા માટે આહવાન કરાયું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ૨૦૨૬-૨૭ દરમિયાન ગાંધીનગર લોકસભા હેઠળ આવતી તમામ સાત વિધાનસભા બેઠકોમાં કુલ ૧,૦૧,૧૦,૦૨૬ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. જેમાં સાણંદ વિધાનસભામાં સૌથી વધુ ૫૨.૬૪ લાખ વૃક્ષ-વાવેતરનું આયોજન કરાયું છે. કલોલ તેમજ ગાંધીનગર (ઉત્તર) જેવા વિસ્તારોમાં પણ લાખોની સંખ્યામાં વૃક્ષારોપણ કરી ગ્રીન કવરને વ્યાપક બનાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૫ સુધીના સમયગાળામાં કરાયેલા સઘન વાવેતરના પરિણામે આ




વિસ્તારની ગ્રીન કવરમાં ૧૧.૨૫ ટકાનો નોંધપાત્ર વધારોય થયો છે.

ગાંધીનગર લોકસભા મતક્ષેત્રના શહેરી વિસ્તારમાં અત્યાર સુધીમાં ૯૪ જેટલા 'ઑક્સિજન પાર્ક' તૈયાર કરવામાં આવ્યા છે. અમદાવાદના સાબરમતી, ગોતા, થલતેજ, બોડકદેવ, સરખેજ અને વેજલપુર જેવા વિવિધ વોર્ડમાં ફેલાયેલા આ પાર્કોમાં જાપાનીઝ તકનીક 'મિયાવાકી' અને ઘનિષ્ઠ વાવેતર પદ્ધતિથી ખૂબ ટૂંકા ગાળામાં અર્બન ફોરેસ્ટ ઊભા કરવામાં આવ્યા છે.

આગામી રવિવારે યોજાનારા આ સામૂહિક મહોત્સવમાં જનભાગીદારી વધારવા માટે ઓનલાઈન પોર્ટલ પણ શરૂ કરાયું છે. આ મહા-અભિયાનમાં જોડાવા અને વૃક્ષારોપણની નોંધણી કરાવવા માટે સત્તાવાર વેબસાઈટ www.gandhinagarlkosabha.in પર રજીસ્ટ્રેશન કરાવવા સૌ નાગરીકોને અપીલ કરવામાં આવી છે.આગામી ૧૨ જુલાઈએ યોજાનારા સામૂહિક વૃક્ષારોપણ અભિયાનમાં વધુમાં વધુ જનભાગીદારી સુનિશ્ચિત કરવા માટે ઓનલાઈન નોંધણીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

નાગરિકો પોતાના નજીકના નિર્ધારિત સ્થળે જઈને વૃક્ષારોપણમાં ભાગ લઈ શકશે તેમજ અભિયાન સાથે જોડાવા માટે સત્તાવાર વેબસાઈટ પર નોંધણી કરાવી શકશે. આયોજકો દ્વારા દરેક નાગરિકને પરિવારના સભ્યોના નામે ઓછામાં ઓછો એક છોડ વાવી તેના ઉછેરની જવાબદારી સ્વીકારવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## વાડજ પોલીસે બે ગુનાઓ ઉકેલી રૂ. ૨.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

# ઈન્સ્ટાગ્રામ પર ક્લીનિંગ કંપનીની જાહેરાત આપી ઘરમાં ચોરી કરતી ગેંગ ઝડપાઈ

**પોલીસે ઈન્સ્ટાગ્રામ પર ક્લીનિંગ સર્વિસની જાહેરાત આપીને લોકોના ઘરોમાં સાફ-સફાઈ કરવા જતી અને તક મળતાં સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરતી ગેંગને ઝડપી પાડી**

અમદાવાદ : શહેરમાં ઈન્સ્ટાગ્રામ પર ક્લીનિંગ કંપનીની જાહેરાત આપીને ઘરની સાફ-સફાઈના બહાને કિંમતી દાગીના અને રોકડની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો વાડજ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ચાર આરોપી અને એક કિશોરને ઝડપી લઈને સોલા અને અમદાવાદ ગ્રામ્યના વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા બે ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી રૂ. ૨.૮૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રિપોર્ટ મુજબ, વાડજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ઈન્સ્ટાગ્રામ પર ક્લીનિંગ સર્વિસની જાહેરાત આપીને લોકોના ઘરોમાં સાફ-સફાઈ કરવા જતી અને તક મળતાં સોના-ચાંદીના દાગીના તથા રોકડની ચોરી કરતી ગેંગને ઝડપી પાડી હતી. તપાસ



દરમિયાન સોલા પોલીસ સ્ટેશન અને વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાઓ પણ ડિટેક્ટ કરવામાં સફળતા મળી હતી.

પોલીસે સોલા પોલીસ સ્ટેશનના ગુનામાં મહેન્દ્ર શંભુલાલ કીર (ઉ.વ. ૧૯) અને જયેશ પ્રભુલાલ કીર (ઉ.વ. ૧૯)ની ધરપકડ કરી છે. જ્યારે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના ગુનામાં લોકેશ મનોહરલાલ કીર (ઉ.વ. ૨૦), સુશીલ ગજેન્દ્રકુમાર કીર (ઉ.વ. ૧૮), જયેશ પ્રભુલાલ કીર તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલા એક કિશોરને ઝડપી પાડવામાં આવ્યા છે. તમામ આરોપીઓ હાલ અમદાવાદમાં રહેતા હોવાનું અને મૂળ રાજસ્થાનના વિવિધ જિલ્લાઓના રહેવાસી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

તપાસ દરમિયાન પોલીસે સોલા પોલીસ સ્ટેશનના ગુનામાંથી સોનાની ચેઈન, સોનાનું પેન્ડલ, બુટ્ટીનો સેટ અને બ્રેસલેટ સહિત કિંમતી દાગીના કબજે કર્યા છે. જ્યારે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનના ગુનામાંથી સોનાની જેન્ટ્સ વીંટી, લેડીઝ વીંટી અને રૂ. ૪૬ હજારની રોકડ રકમ મળી આવી છે. બંને ગુનાઓમાંથી કુલ રૂ. ૨.૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

આ સમગ્ર કામગીરીમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.વી. ગોહિલ સહિત વાડજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમના અધિકારીઓ અને કર્મચારીઓએ મહત્વની ભૂમિકા ભજવી હતી. પોલીસે આરોપીઓની વધુ પૂછપરછ શરૂ કરી છે અને આ ગેંગે અમદાવાદ અથવા અન્ય વિસ્તારોમાં આવી જ રીતની અન્ય ચોરીઓ કરી છે કે નહીં તે દિશામાં તપાસ આગળ ધપાવી છે.









## રિ-ડેવલપમેન્ટ રોકવાની અરજી હાઈકોર્ટે ફગાવી

# નારણપુરામાં શાસ્ત્રીનગરના રિ-ડેવલપમેન્ટનો માર્ગ મોકળો ...!!

### ગુજરાત હાઈકોર્ટે રિ-ડેવલપમેન્ટની કામગીરી પર રોક લગાવવાની અરજી ફગાવી દેતા હવે પ્રોજેક્ટનો માર્ગ વધુ સ્પષ્ટ બન્યો, છેલ્લા લગભગ ૧૯ મહિનાથી રિ-ડેવલપમેન્ટની કામગીરી અટકી પડી હતી...

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડની ૭૨ એમઆઈજી (MIG) એમ-૫ (ફેઝ-૧૬) સ્કીમના રિ-ડેવલપમેન્ટ અંગે લાંબા સમયથી ચાલતો કાનૂની વિવાદ હવે સમાપ્ત થવા તરફ આગળ વધ્યો છે. ગુજરાત હાઈકોર્ટે રિ-ડેવલપમેન્ટની કામગીરી પર રોક લગાવવાની અરજી ફગાવી દેતા હવે પ્રોજેક્ટનો માર્ગ વધુ સ્પષ્ટ બન્યો છે.

હાઉસિંગ બોર્ડના નિયમો મુજબ કોઈપણ સ્કીમના રિ-ડેવલપમેન્ટ માટે જરૂરી બહુમતી સાથે સભ્યોની સંમતિ મેળવવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. ત્યારબાદ સ્કીમના કેટલાક અસંમત સભ્યોએ પ્રક્રિયામાં નિયમભંગ અને અન્ય મુદ્દાઓનો આક્ષેપ કરીને હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ અરજીના કારણે છેલ્લા લગભગ ૧૯ મહિનાથી રિ-ડેવલપમેન્ટની કામગીરી અટકી પડી હતી.

અરજદારોનું કહેવું હતું કે રિ-ડેવલપમેન્ટની પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ નથી અને કેટલાક સભ્યોના હિતોને પૂરતું સ્થાન આપવામાં આવ્યું નથી. બીજી તરફ રિ-ડેવલપમેન્ટ સમર્થક સભ્યોનો દાવો હતો કે તમામ કાર્યવાહી હાઉસિંગ બોર્ડના નિયમો મુજબ કરવામાં આવી છે અને બહુમતી સભ્યોની મંજૂરી પણ પ્રાપ્ત થઈ ચૂકી છે.

કેસની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ અરજી ફગાવી દીધી. કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું કે અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલા મુદ્દાઓના આધારે રિ-ડેવલપમેન્ટની કામગીરી રોકવાની જરૂરિયાત જણાતી નથી. ઉપરાંત, અસંમત સભ્યોને અગાઉથી જ સ્કીમમાંથી બહાર નીકળવાની તક આપવામાં આવી હોવાનું પણ ધ્યાનમાં લેવામાં આવ્યું.

ચુકાદા બાદ હવે રિ-ડેવલપમેન્ટની કામગીરી ફરીથી શરૂ થવાનો માર્ગ મોકળો બન્યો છે. લાંબા સમયથી અટવાયેલો પ્રોજેક્ટ હવે ઝડપથી આગળ વધે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. સંબંધિત એજન્સીઓ દ્વારા બિલ્ડિંગ તોડવાની પ્રક્રિયા અને ત્યારબાદ નવા નિર્માણ માટેની કામગીરી શરૂ કરવાની તૈયારી કરવામાં આવશે.

સ્થાનિક રહેવાસીઓમાં પણ આ નિર્ણયને લઈને વિવિધ પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. રિ-ડેવલપમેન્ટના સમર્થકોનું માનવું છે કે નવા પ્રોજેક્ટથી આધુનિક સુવિધાઓ, સુરક્ષા અને રહેણાંકની ગુણવત્તામાં વધારો થશે. જ્યારે કેટલાક અસંમત સભ્યો હજુ પણ પોતાના હિતો અને વળતર સંબંધિત મુદ્દાઓને લઈને ચિંતિત હોવાનું જાણવા મળે છે.

હાઈકોર્ટના આ નિર્ણય સાથે શાસ્ત્રીનગર વિસ્તારની એમઆઈજી સ્કીમનો લાંબા સમયથી ચાલતો વિવાદ મોટા ભાગે સમાપ્ત થયો હોવાનું માનવામાં આવી રહ્યું છે અને હવે સમગ્ર ધ્યાન રિ-ડેવલપમેન્ટની કામગીરીને સમયસર પૂર્ણ કરવા પર કેન્દ્રિત રહેશે.

## હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશને હાઈકોર્ટના ચુકાદાને આવકાર્યો, જાણો શું કહ્યું ?

અમદાવાદ : હાઉસિંગ એપાર્ટમેન્ટ રિડેવલપમેન્ટ ફેડરેશન (હાફ) ના સક્રિય સભ્ય સંદિપ ત્રિવેદીએ નામદાર હાઈકોર્ટના ચુકાદાને આવકારતા જણાવ્યું હતું કે નારણપુરા વિસ્તારમાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ ની રહેઠાણ યોજના લાલબહાદુર શાસ્ત્રીનગર એમ/૫, એમઆઈજી ૭૨ (બ્લોક ૮ થી ૧૬) જેમાં અંદાજે ૩૦૦ નાગરિકો રહેતા હતા, તે ફ્લેટ યોજનાના રીડેવલપમેન્ટ બાબતે થયેલ કોર્ટે મેટરમાં અનેક અંતરાયો અને ખૂબ લાંબા સમયની રાહ જોયા બાદ વર્તમાનમાં નામદાર હાઈકોર્ટ (ગુજરાત) નો તા.૩૦.૦૬.૨૦૨૬ ના રોજ જે હુકમ થયો છે તે બહુમત જનહિતમાં ખૂબ સારો છે.ભવિષ્યમાં રીડેવલપમેન્ટ માટે રોડા નાખનારાઓ માટે કપરા ચઢાણ છે, અને સકારાત્મક લોકો માટે ખૂબ ઉપયોગી છે.

સંદિપ ત્રિવેદીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતની નામદાર હાઈકોર્ટ દ્વારા આ કેસમાં કાયદાકીય કાર્યવાહીથી થયેલ રિડેવલપમેન્ટ પ્રક્રિયામાં યેનકેન પ્રકારે કામગીરી રોકવા બદલ જો કોઈ ખોટા ઈરાદા જણાયા તો કરાયેલ પીટીશન ધારકોમાંથી દરેકને એક એક (૧) લાખ રૂપિયા નાણાંકીય દંડ થશે તેમ જણાવવામાં આવેલ. તેમજ જે મુદ્દાઓ કોર્ટે કેસ પીટીશન પ્રેયરમાં લેવામાં આવેલ તે મુદ્દાઓ ભૂતકાળના અનેક આવા કેસોમાં લેવાઈ ગયા છે જેના હુકમો પણ થઈ ગયા છે તેમ છતાં વારંવાર તે મુદ્દાઓ ઉભા કરી ખોટા કેસો અને સમયનો બગાડ કરાઈ રહ્યો છે. જેથી નામદાર કોર્ટ દ્વારા એક વાર વધુ રાહત રૂપે કેસ પાછો ખેંચવાની તક આપતા અસંમત સભ્યો દ્વારા પીટીશન પાછી ખેંચવામાં આવી હતી.

તેઓએ આક્રોશ સાથે વધુમાં જણાવ્યું હતું કે સોસાયટી જનરલ મિટિંગથી લઈ ઠરાવો, ટેન્ડર પ્રક્રિયા અને બોર્ડની કલમ ૬૦એ કાર્યવાહી, કોમ્પિટન્ટ ઓથોરિટી હુકમ અને અપિલેન્ટ ઓથોરિટી હુકમ, નીચલી કોર્ટ અને અન્ય બાબતો એ બધી પણ ચર્ચવામાં આવી હતી, અંતમાં પરિણામ શું આવ્યું ..!

કેટલાક નેગેટીવ તત્ત્વો આટલા બધા કેસોના સકારાત્મક પરિણામો આવ્યા બાદ પણ ખોટી અફવાઓ ફેલાવે છે. આ તત્વો પોતે કેમ કોર્ટ કેસ જનહિતમાં કરતા નથી? કેમ અસંમત સભ્યોના વકીલો પાસે જઈ ઠોસ પુરાવા કે ઠોસ દલીલો આપતા નથી, કેમ વકીલો ને ઠોસ મુદ્દાઓ આપતા નથી? ફક્ત વ્હોટ્સ એપ ગ્રુપ જે સોશિયલ મીડિયામાં ખોટા ખોટા ભ્રમો ફેલાવે રાખે છે.

વર્તમાન કે ભવિષ્યમાં રીડેવલપમેન્ટમાં અસંમત સભ્યોએ નકારાત્મક લોકોની ખોટી વાતો કે દોરવણીમાં આવતા કે જોડાતા પહેલા વિચારવું કે જો કાયદાકીય કાર્યવાહીમાં અડચણરૂપ બાબતે કોર્ટ ને કેસ ખોટો લાગ્યો અને કોર્ટ દ્વારા નાણાંકીય દંડ ફટકાર્યો તો ફરજિયાત ભરવો જ પડશે.

હું એમ નથી કહેતો કે લડવું જ નહીં અને અન્યાય સહન કરવો. કાયદાથી વિપરીત રીતે કે છેતરપિંડી કે અન્ય રીતે અન્યાય થયો હોય તો ન્યાય માટે જરૂરિયાતો મુજબ કોર્ટ કેસ કરવો પડે તેમ હોય તો કરવો જ જોઈએ, પણ તમારા મુદ્દાઓ, દલીલ અને પ્રેયર બંને સત્ય ની એરણ પર પસાર થયેલા હોવા જોઈએ.

સકારાત્મક બહુમત સભ્યોની જરૂરિયાત, હિંમત, ધીરજ અને સત્ય નો વિજય થયો છે.

## ગમે તેટલો વરસાદ પડે, પરંતુ અધિકારીઓએ ફિલ્ડમાં જવું જ પડશે, AMCનો ઝીરો ટોલરન્સ અભિગમ

અમદાવાદ : દર ચોમાસામાં વરસાદ શરૂ થતાં જ પાણી ભરાવા, ગંદકી અને સફાઈ વ્યવસ્થાને લઈને ઊઠતી ફરિયાદો વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને આ વખતે ઝીરો ટોલરન્સનો અભિગમ અપનાવ્યો છે. મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં ઝીનના અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવામાં આવ્યું કે વરસાદનું ભહાનું હવે ચાલશે નહીં ગમે તેટલો વરસાદ પડે, અધિકારીઓ અને કર્મચારીઓએ રેઈનકોટ પહેરીને પણ ફિલ્ડમાં જ રહેવું પડશે તથા જ્યાં પણ પાણી ભરાય ત્યાં તાત્કાલિક પમ્પિંગ, ડ્રેનેજ ક્લિયરન્સ અને ટ્રાફિક વ્યવસ્થાની કામગીરી લાય ધરી સિતિને સામાન્ય બનાવવી પડશે. વરસાદ દરમિયાન કંટ્રોલરૂમ ઝોનલ ટીમો અને બેદાની સ્ટાફ વચ્ચે સતત સંકલન જાળવીને દરેક ફરિયાદનો ઝડપથી નિકાલ કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

માત્ર પાણી ભરાવાની સમસ્યા જ નહીં, પરંતુ જાહેર સ્થળોએ કચરો ફેંકી શહેરને ગંદું બનાવતા લોકો સામે પણ કોર્પોરેશને મવે ટેક્નોલોજીનો સહારો લેવાનો નિર્ણય કર્યો છે. ગંદકીના હોટસ્પોટ તરીકે ઓળખાતા વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવી આવાં તત્ત્વોની ઓળખ કરી તેમની સામે દંડાત્મક કાપવાની કરવામાં આવશે, કોર્પોરેશનના મતે માત્ર સફાઈ કરવાથી સમસ્યા હલ થતી નથી, ગંદકી ફેલાવનારાઓ સામે કડક કાર્યવાની પણ એટલી જ જરૂરી છે.

બેઠકમાં ચોમાસા દરમિયાન ટ્રેનેજ લાઈન, સ્ટ્રોમ વોટર નેટવર્ક, પમ્પિંગ સ્ટેશની અને નીચાણવાળા વિસ્તારોની કામગીરી અંગે પણ સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓને મેદાનમાં સત્તત હાજર રહેવા, નાગરિકોની ફરિયાદોને પ્રાથમિકતા આપવા અને વરસાદી સ્થિતિમાં કોઈ પણ પ્રકારની બેદરકારી સહન નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-GOVERNANCE SERVICES INDIA LIMITED
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

## ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓને શોધવાનો ભાર શાળાઓ પર

# શિક્ષણ વિભાગના નવા નિર્ણય સામે શિક્ષક વર્ગમાં નારાજગી...!!

### શિક્ષણ વિભાગના વિવાદાસ્પદ આદેશો સામે રોષ: ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાની લ્હાયમાં શિક્ષકો-આચાર્યો બન્યા 'ડિટેક્ટિવ', પોર્ટલના ધાંધિયાથી વાલીઓ ફૂટબોલ બન્યા

અમદાવાદ : રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ડ્રોપઆઉટ થયેલા વિદ્યાર્થીઓને ફરીથી શાળામાં દાખલ કરવા માટે શરૂ કરાયેલા અભિયાનને લઈને શિક્ષકો અને શાળા સંચાલકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણના વ્યાપને વધારવાના હેતુથી લેવામાં આવેલો નિર્ણય હેતુની દૃષ્ટિએ યોગ્ય ગણાતો હોવા છતાં તેની અમલવારી માટે અપનાવવામાં આવેલી પદ્ધતિને લઈને અનેક સવાલો ઉભા થયા છે.

નવી સૂચના મુજબ અગાઉના વર્ષોમાં જે વિદ્યાર્થીઓ શાળામાંથી એલ.સી. (લીવિંગ સર્ટિફિકેટ) લઈને નીકળી ગયા હોય અને બાદમાં અભ્યાસ છોડી દીધો હોય, તેવા વિદ્યાર્થીઓને શોધીને ફરી શાળામાં પ્રવેશ અપાવવાની જવાબદારી સંબંધિત જૂની શાળાને સોંપવામાં આવી છે. શિક્ષકોનું કહેવું છે કે બે-ત્રણ વર્ષ પહેલાં શાળા છોડીને ગયેલા વિદ્યાર્થીઓ હાલ ક્યાં રહે છે, તેમના સંપર્ક નંબર બદલાઈ ગયા છે કે તેઓ અન્યત્ર સ્થળાંતર કરી ચૂક્યા છે, તેવી સ્થિતિમાં તેમને શોધવાનું કામ શાળા માટે વ્યવહારિક રીતે અશક્ય બની જાય છે.

શિક્ષક સંગઠનોના જણાવ્યા મુજબ જો વાલીઓ બાળકને ફરીથી ભણાવવા તૈયાર ન થાય અથવા વિદ્યાર્થીનો કોઈ સંપર્ક ન મળે તો પણ તેની જવાબદારી શાળા અને આચાર્ય પર જ મૂકવામાં આવે છે. જેના કારણે શિક્ષકોમાં માનસિક દબાણ વધી રહ્યું છે. તેમનું માનવું છે કે માત્ર ડ્રોપઆઉટનો સરકારી આંકડો ઘટાડવા માટે શાળાઓ પર વધારાનો બોજ લાદવામાં આવી રહ્યો છે.

બીજી તરફ શિક્ષણ વિભાગની ઓનલાઈન વ્યવસ્થાને લઈને પણ ગંભીર ફરિયાદો સામે આવી રહી છે. શિક્ષકોના જણાવ્યા મુજબ અનેક પોર્ટલ અને વેબસાઈટ વારંવાર હેંગ થઈ જાય છે. દિવસ દરમિયાન સર્વર કામ ન કરતું હોવાથી અધિકારીઓ દ્વારા રાત્રે બેસીને કામ કરવાની સલાહ આપવામાં આવે છે, જે વ્યવહારિક રીતે યોગ્ય નથી.

શાળાઓએ વધુ એક ગંભીર મુદ્દો પણ ઉઠાવ્યો છે. એક શાળા વિદ્યાર્થીને એલ.સી. આપી દે પછી નવી શાળાએ વિદ્યાર્થીનો ઓનલાઈન ટ્રેક યોગ્ય રીતે ન કરે તો તેની જવાબદારી પણ જૂની શાળા પર આવે છે. શિક્ષકોનું કહેવું છે કે નવી શાળાની પ્રક્રિયામાં થયેલી ભૂલ માટે જૂની શાળાને જવાબદાર ઠેરવવી તર્કસંગત નથી.

RTE હેઠળ પ્રવેશ લેતા વિદ્યાર્થીઓના કેસમાં પણ ઓનલાઈન સિસ્ટમમાં ખામીઓ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. શિક્ષકોના જણાવ્યા મુજબ વિદ્યાર્થીનો યુનિક આઈ.ડી. પહેલેથી જનરેટ થયેલો હોવા છતાં કેટલીક વખત નવો આઈ.ડી. બની જાય છે અને વિદ્યાર્થીનું નામ બે અલગ-અલગ શાળાઓમાં દર્શાવા લાગે છે. આવી ટેકનિકલ ખામીઓના કારણે વાલીઓ અને શાળાઓ બંનેને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.


શિક્ષણવિદોનું માનવું છે કે ઘણી શાળાઓને ઓનલાઈન પ્રક્રિયાની પૂરતી જાણકારી નથી. વિદ્યાર્થીને "લેફ્ટ" કેવી રીતે આપવો, નવી શાળામાં ઓનલાઈન પ્રવેશ કેવી રીતે નોંધવો જેવી બાબતો અંગે નિયમિત તાલીમ આપવામાં આવે તો ઘણી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

શિક્ષક વર્ગનું કહેવું છે કે શિક્ષણ વિભાગે માત્ર જવાબદારીઓ સોંપવાને બદલે ટેકનિકલ માળખું મજબૂત બનાવવું, સર્વરની ક્ષમતા વધારવી અને શાળાઓને સમયસર માર્ગદર્શન આપવું જોઈએ. સાથે જ શિક્ષકો અને આચાર્યો સાથે સંવાદ સાધીને વ્યવહારુ નીતિઓ અમલમાં મુકવામાં આવે તો ડ્રોપઆઉટ ઘટાડવાનો હેતુ વધુ અસરકારક રીતે સિદ્ધ થઈ શકે. શિક્ષણ ક્ષેત્રના જાણકારોનું માનવું છે કે શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે સરકાર, શિક્ષકો, વાલીઓ અને શાળા સંચાલકો વચ્ચે પરસ્પર સહયોગ જરૂરી છે. માત્ર આદેશો અને દબાણથી નહીં, પરંતુ મજબૂત આયોજન અને અસરકારક ઓનલાઈન વ્યવસ્થાથી જ વિદ્યાર્થીઓને ફરી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં લાવી શકાય.












Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.